# ઉદિશા ક્લબ (પ્લેસમેન્ટ સેલ)



ડૉ. મહેશકુમાર આર. સોલંકી
નોડલ ઓફિસર

ઉદિશા એટલે નોકરી શોધનાર અને નોકરી વચ્ચેનો સેતુ. ઉદિશાનો મુખ્ય હેતુ નોકરી લેનાર અને નોકરી આપનાર વચ્ચે પુલ બનીને બેકારીની ગેપ પૂરી કરવાનો છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને ઉદિશા ક્લબની રચના કૉલેજમાં કરવામાં આવી છે. ઉદિશા ક્લબના નેજા હેઠળ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ થાય છે. જે વિદ્યાર્થીઓની કારકિર્દી પૂરી કરે તેને પોતાની લાયકાતને અનુરૂપ વ્યવસાય અપાવવામાં મદદરૂપ થાય છે.

- વર્ષ ૨૦૧૦થી પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં સરકાર દ્વારા શિક્ષકની સીધી ભરતી અમલમાં આવી. તે ભરતી સરકાર દ્વારા શિક્ષક અભિયોગ્યતા કસોટી લઈને નિયમ પ્રમાણે મેરીટ બનાવીને કરવામાં આવે છે.
- તાલીમાર્થીઓને આ શિક્ષક અભિયોગ્યતા કસોટી (TET & TAT) પરીક્ષા અંગેનું ફોર્મ ભરવાથી લઈને મેરીટ કેવી રીતે બનાવવું, જિલ્લાવાર ભરતી, ગુણાંકન, કોમ્પ્યુટર પર ઓનલાઇન કેવી રીતે અરજી કરી શકાય તથા તેઓને વિષયવાર માહિતી ડૉ. મહેશકુમાર આર. સોલંકીએ આપી હતી.
- તાલીમાર્થી બહેનો દ્વારા પોતપોતાના વિષયો પ્રમાણે સામાન્ય જ્ઞાન, મનોવિજ્ઞાનના પ્રશ્નો, ભારતનું બંધારણ વગેરે જેવા વિવિધ વિષયો પર ૨૦ પ્રશ્નો (પ્રત્યેક વિદ્યાર્થી) પ્રાર્થનામાં પીપીટી દ્વારા રજૂ કરે છે. જેનો બધા તાલીમાર્થીઓ તથા સ્ટાફને જ્ઞાનનો લાભ મળે છે.
- સંસ્થાના દરેક અધ્યાપક પણ દર ગુરૂવારે પ્રાર્થના-પ્રવચન કાર્યક્રમમાં પોતાના વિષયોને અનુરૂપ TET/TAT ના પ્રશ્નો અંગે તથા તેમની આ અંગેની મૂંઝવણ માટે માર્ગદર્શન આપે છે.
- ઉદિશા ક્લબની કાર્યપ્રવિધિથી પ્રત્યેક અધ્યાપક વાકેફ થાય તે હેતુથી દર વર્ષે સરકાર દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમોમાં આવે છે.
- બી.એડ્. ના અભ્યાસક્રમન ભાગરૂપે તાલીમાર્થીઓના કૌશલ્યનો વિકાસ થાય તે માટે વિવિધ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવે છે.
- અવાર-નવાર સરકાર દ્વારા યોજાતા ભરતી મેળા તથા DEO, આણંદ તથા યુનિવર્સિટી રોજગાર કેન્દ્ર, વિદ્યાનગર દ્વારા થતા કાર્યક્રમો અંગે તાલીમાર્થીઓને વાકેફ કરાય છે તથા લાયકાત ઉમેદવારોને તે મેળાવડામાં મોકલવામાં પણ આવે છે.
- તાલીમાર્થીઓ વિવિધ વ્યવસાયોથી પરિચિત થાય તે હેતુથી કૉલેજમાં, જે તે ફિલ્ડના તજજ્ઞ વકતવ્ય પણ ગોઠવવામાં આવે છે.
- આ ક્લબના નેજા હેઠળ તાલીમાર્થીઓને વ્યવસાયિક ક્ષમતાઓ બહાર લાવવા તથા તેમની યોગ્યતાને વધારવાના પ્રયત્નો સંસ્થાના અધ્યાપક મિત્રો દ્વારા કરવામાં આવે છે.
- સંસ્થા દ્વારા વિવિધ પ્લેસમેન્ટ માટે તેમની પ્રોફાઈલ કેવી રીતે બનાવી શકાય તેનું પણ માર્ગદર્શન આપે છે. તથા સમાજની માંગ પ્રમાણે પ્લેસમેન્ટની પણ વ્યવસ્થા કરે છે.
- આ ક્લબ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે વધુ ને વધુ કાર્યરત રહે તે માટે સંસ્થાના આચાર્યશ્રી, અધ્યાપક મિત્રો તથા વહીવટી કર્મચારીઓ ઉત્સાહભેર કાર્ય કરે છે.

- આ કલબના કમિટિના સભ્યો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) | ચેરમેન, આચાર્ય, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | ડૉ. ડી. આર. પરમાર |
| (૨) | SSIP / Navadhara ના નોડલ ઓફિસર | ડૉ. મહેશકુમાર આર. સોલંકી |
| (૩) | IQAC કો–ઓર્ડિનેટર | ડૉ. પી. કે. યાજ્ઞિક |
| (૪) | AISHE / KCG નોડલ ઓફિસર | ડૉ. ડી. એમ. પટેલ |

- તાલીમાર્થીઓ :

| | | | |
|---|---|---|---|
| (૧) | કન્વીનર | દર્શિતા પરમાર | (સેમ.–૪) |
| | | શ્વેતા વાળંદ | (સેમ.–૨) |
| (૨) | સભ્યો | જૈના ગાંધી | (સેમ.–૪) |
| | | ધ્રુવા દવે | (સેમ.–૨) |



# સમય

સમયની વ્યાખ્યા કોઈકે બહુ સુંદર રીતે કરી છે...
તમે રાહ જુઓ ત્યારે તે ધીમો હોય છે !
તમે જ્યારે મોડા હો ત્યારે તે ઝડપી હોય છે !
તમે જ્યારે દુઃખી હો ત્યારે તે મારકણો કે પીડાદાયી હોય છે !
તમે જ્યારે સુખી કે આનંદમાં હો ત્યારે તે ટૂંકો હોય છે !
તમે જ્યારે પીડા કે વેદનામાં હો ત્યારે તે અનંત હોય છે, અખૂટ હોય છે !
તમને કંટાળો આવતો હોય ત્યારે તે લાંબો હોય છે !
આમ જીવનમાં ઘણી વાર સમય તમારી લાગણીઓ અને તમારી મનોસ્થિતિ દ્વારા નક્કી થતો હોય છે, ઘડિયાળના કાંટા દ્વારા નહિ...
આથી જ હંમેશાં ખુશ રહો, તમારો સમય સારો છે એવું સતત માનતા રહો, અનુભવતા રહો..!

* * * *